# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2025** **Morning : 7.10 to 7.20 am**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના વિજતાઓને એવોર્ડ એનાયત કરતાં કહ્યું કે રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ મજબૂત કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ
2. શ્રેષ્ઠ શિક્ષણ માટે રાજ્યના દરેક ખૂણામાં યોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે સરકારની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતાં શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર
3. કચ્છમાં મુન્દ્રા પોલીસે ડ્ગ્સના જથ્થા સાથે એક શખ્સને ઝડપ્યો
4. ઉત્તરાયણના તહેવાર નિમિત્તે રાજ્યભરમાં ભેળસેળ યુક્ત ખોરાક વેચતાં વેપારીઓ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ તપાસ અભિયાન
5. બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી

------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GOLF AWARDS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાણંદ ખાતે ૨૮મી ઓલ ઇન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની માટે દેશ તૈયારી કરી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં પણ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર અને પ્રશિક્ષણ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ મજબૂત કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

(બાઇટ- ભુપેન્દ્ર પટેલ, સીએમ)

ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા યોજાતી આવી સ્પર્ધાઓ પોલીસકર્મીઓને શારીરિક રીતે ચુસ્ત રાખે છે અને તેમના સંકલનને વધુ મજબૂત બનાવે છે, તેવો પણ તેમણે આ એવોર્ડ વિતરણ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો..

રાજ્યમાં પ્રથમ વખત યોજાઈ રહેલી ઓલ ઈન્ડિયા પોલીસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ૧૨ રાજયો અને ૬ કેન્દ્રીય પોલીસ દળોના ૮૦ જેટલા પોલીસકર્મીઓએ ભાગ લીધો હતો.. ગુજરાત પોલીસની ટીમને ટીમનેટ કેટેગરીની સ્પર્ધામાં બીજું સ્થાન મળ્યું હતું.

. . . . . . . . . . . . .

# KUBER DINDOR

શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેર ડિંડોરે શ્રેષ્ઠ શિક્ષણ માટે રાજ્યના દરેક ખૂણામાં યોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે ગઇકાલે બનાસકાંઠાના અંબાજી ખાતે વિવિધ શાળાઓની મુલાકાત લીધી હતી. એમણે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ, કન્યા સાક્ષરતા નિવાસી શાળા તથા બી.ડી.મહેતા કન્યા વિદ્યાલયની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

મંત્રીએ શાળાઓમાં સંચાલિત મધ્યાહન ભોજન યોજના  સહિત સ્કુલના વધુ વિકાસ માટે ચકાસણી કરી હતી. તેમણે સ્કોલરશીપ યોજના નમો સરસ્વતીઅને નમો લક્ષ્મી અંગે પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી જેથી કરીને વિદ્યાર્થીઓને આ યોજનાઓના લાભો વિશે વધુ માહિતી મળી શકે. આ ઉપરાંત, કન્યા નિવાસી શાળા, અંબાજી ખાતે શિક્ષણ મંત્રીએ વાલીઓને સરકાર ની વિવિધ સહાય યોજનાઓના લાભ વિશે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . .

# RASTRIYA YUVA DIVAS

આજે 12 જાન્યુઆરી એટલે રાષ્ટ્રીય યુવા દિવસ છે. ભારતીય સંસ્કૃતિના મહાનાયક સ્વામી વિવેકાનંદના જન્મ દિવસને પ્રતિ વર્ષ  રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. 12 જાન્યુઆરી 1863ના રોજ જન્મેલા નરેન્દ્રનાથને તેમના ગુરૂ સ્વામી રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદ નામ આપ્યું હતું. 30 વર્ષની ઉંમરે અમેરિકાના શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદમાં ઐતિહાસિક વ્યાખ્યાન દ્વારા ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડી દુનિયામાં ભારતનું નામ તેમણે રોશન કર્યું.  ઉઠો

જાગો અને ધ્યેયને વળગી રહો જેવું સૂત્ર આપનાર અને યુવાનોના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદને શત શત નમન..

આજના દિવસે રાજ્યમાં અનેક સ્થળોએ તેમજ રામકૃષ્ણ મઠ અમદાવાદ, રાજકોટ, વડોદરા, લીંબડી, પોરબંદર, ભૂજ અને આદિપુરમાં યુવા શિબિર, રેલી ચર્ચા સહિત વિશેષ કાર્યક્રમોનું આયોજન થયું છે.

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વિકાસિત ભારત યુવા નેતા સંવાદમાં દેશભરના ૩ હજાર યુવા નેતાઓ સાથે સંવાદ કરશે.

. . . . . . . . . . . . .

# RAGHAVJI PATEL

પશુપાલન વિભાગના મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે પશુ આરોગ્ય, દુધ ઉત્પાદન વધારવા,સમૃદ્ધ વ્યવસાય, સહિત અનેક લાભોને રાષ્ટ્રીય ગોકુળ ગ્રામ મિશન યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

પત્રકારો સાથે વાતચીત કરતાં શ્રી પટેલે ગોકુળ ગ્રામ મિશન યોજના અંગેની જાણકારી આપતા જણાવ્યું હતું કે ગુજરાત વડી અદાલતના કેટલાક નિર્ણયોના અસરકારક અમલ માટે કટિબદ્ધ છે.

(બાઇટ - રાઘવજી પટેલ, મંત્રી પશુપાલન વિભાગ)

. . . . . . . . . . . . .

# KUTCH DRUGS

કચ્છમાં મુન્દ્રા પોલીસે ૩૨.૪૭ ગ્રામ કોકેઇનના જથ્થા સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. ઝડપાયેલા આ શખ્સ પાસેથી ૩૨ લાખ 47 હજારની કિંમત આંકવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં નશાકારક પદાર્થ સાથે ઝડપાયેલો શખ્સ પંજાબનો હોવાનું બહાર આવ્યું છે. સરકારની ડ્રગ સામેની ઝીરો ટોલરન્સની નીતિને કારણે આ ડ્રગ્સનો જથ્થો ઝડપાઇ ગયો છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે કચ્છમાં પંજાબના શખ્સો દ્વારા લાંબા સમયથી ડ્રગ્સ ઘુસાડવાના પ્રયત્ન પોલીસ નિષ્ફળ બનાવી રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GANDHINAGAR FOOD AND DRUGS

રાજ્યના નાગરિકોને શુદ્ધ ખોરાક મળે તેવા ઉદ્દેશ સાથે ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ઉત્તરાયણ મકારસક્રાન્તિ, લોહરી વગેરે અનેક તહેવારોને પગલે રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન વિભાગ આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિવિધ તપાસ ટુકડીઓ 32 ફૂડ સેફ્ટી વાન સાથે સ્થળ પર જઈ ચકાસણી હાથ ધરશે.

આ અંગે ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશનર ડૉ એચ જી કોશિયાએ આ અંગે વધુ માહિતી આપી.

**(બાઇટ - ડૉ એચ જી કોશિયા)**

. . . . . . . . . . . . .

# REV.-WOMEN-CRICKET-ODI

મહિલા ક્રિકેટમાં, ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI શ્રેણીની બીજી મેચ આજે રાજકોટમાં રમાશે. આ મેચ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. પહેલી મેચમાં ભારતે આયર્લેન્ડ સામે છ વિકેટે વિજય મેળવ્યો હતો. આમાં પ્રતીકા રાવલને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ 15 જાન્યુઆરીએ રમાશે.

. . . . . . . . . . . . . . .

# WEATHER

**હવામાન વિભાગે રાજ્યમાં ફરી એક વખત માવઠું થવાની આગાહી કરી છે.**

**પશ્ચિમ રાજસ્થાનમાં ઇન્ડ્યુસ સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય થતાં થયા આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. વધુ માહિતી આપે છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા ...**

(બાઈટ-પ્રદીપ શર્મા-વૈજ્ઞાનિક-હવામાન વિભાગ)

**દરમ્યાન મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં એક થી બે ડિગ્રીનો વધારો થયો છે નલિયામાં રાજ્યનું સૌથી ઓછું 11.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં 16.6 જયારે ગાંધીનગરમાં 14.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે અમદાવાદમાં આજે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.**

. . . . . . . . . . . . .

# NAVSARI AYUSH FAIR

નવસારી જિલ્લાના સુગર ફેકટરી ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ આયુષ મેળામાં રોગોથી બચવા માટે આયુર્વેદના ઉકાળો તથા આયુર્વેદિક, હોમિયોપેથિક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન પણ યોજાયું હતું.

. . . . . . . . . . . . .

# PATAN KITE SAFETY GUARD

પાટણમાં લોકોને પતંગની દોરીથી સુરક્ષા મળે તે માટે અંબાજી શાકભાજી માર્કેટના વેપારી એસોસીએશન દ્વારા વિનામૂલ્યે સેફટીગાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું..

પાટણના નાના વાહન ચાલકોની સલામતી માટે એક હજાર જેટલા સેફટી ગાર્ડ લાવીને શાકમાર્કેટ ખાતે વિનામૂલ્યે તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ આ સેફટી ગાર્ડનો લાભ લીધો હતો.

. . . . . . . . . . . . .